ગાંધીનગર, સાબરકાંઠા, અમદાવાદ, મહેસાણા, આણંદ, સુરત, જામનગરથી પ્રસિદ્ધ થતું દૈનિક
RNI No. GUJGUJ/2009/28430
ગાંધીનગર
લોકાર્પણ
સોસીયલ મીડિયા આવૃત્તિ
તંત્રી : ગૌરાંગ પંડ્યા - 99099 69099 સહતંત્રી : ભરતસિંહ રાઠોડ - 95744 73777 મેને.તંત્રી : ઉમંગ પંડ્યા - 99099 73771
• Printer/Publisher/Owner/Editor Gaurang Dipakbhai Pandya • Printed : NAMASVI OFFSET, No. GF-9, Kirtidham Society, Vavol, Gandhinagar (GUJARAT) 382016 • Place of Publication : Block No. 1/9, Kirtidham Society, At. Vavol, Ta. & Dist Gandhinagar (GUJARAT) 382016

પ્રતિનિધિ : ભાવેશ મુલાણી

Fri, 17/04/2026

# સી પી પટેલ એન્ડ એફ એસ કોમર્સ કોલેજમાં ઇનોવેશન કલબ અંતર્ગત પ્રોટોટાઈપિંગ (Stage-III)વર્કશોપનું આયોજન



સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સી પી પટેલ એન્ડ એફ એચ કોમર્સ કોલેજ, આણંદ (ઓટોનોમસ) માં ઇનોવેશન કલબ અંતર્ગત પ્રોટોટાઈપિંગ (Stage-III)આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ તા.23મી માર્ચ, 2026 થી 28મી માર્ચ, 2026 દરમિયાન યોજાયો હતો . આ વર્કશોપમાં એક્સપર્ટ તરીકે ઇનોવેટર અને રિસર્ચ શ્રી મિથિલેશ પટેલને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેઓએ પ્રોટોટાઈપિંગ વર્કશોપમાં વિદ્યાર્થીઓને બિઝનેસ આઈડિયા ક્રિએશન, આઈડિયા વેલીડેશન, બિઝનેસ મોડલ તૈયાર કેવી રીતે કરવું, સહભાગી અને માર્ગદર્શકો પાસેથી પ્રતિસાદ કેવી રીતે મેળવવો, વિચારોમાં સુધારણા કેવી રીતે લાવવી તેમજ સમસ્યા નિરાકરણની કુશળતા કેવી રીતે વિકસાવવી વગેરે અંગેની વિદ્યાર્થીઓને તાલીમ આપી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નવીનતા અને સંશોધન પ્રત્યે રસ વધે તે માટેનો હતો.આ વર્કશોપમાં 13 જેટલા વિદ્યાર્થીઓએ રસ પૂર્વક ભાગ લીધો હતો.

આ વર્કશોપને સફળ બનાવવા માટે સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ આણંદના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અને સેક્રેટરી શ્રી ભીખુભાઈ એન પટેલ સરે આર્શીવાદ પાઠવ્યા હતા. આ સફળ તાલીમ વર્કશોપનું આયોજન કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ ડોક્ટર તેજલાના માર્ગદર્શન હેઠળ ઇનોવેશન કલબના કો-ઓર્ડીનેટર ડોક્ટર સજના પિલ્લાઈ તથા મેમ્બર ડોક્ટર નેહલ પરમાર ના સહયોગથી કરવામાં આવ્યું હતું.